No Pages to Display

શ્રી દક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા : પુસ્તક ૨૦ મું
સંપાદક : ગિજુભાઈ અને તારાબેન

# ચીડિયાખાનું

: લેખક :

ગિજુભાઈ

અમદાવાદ
૧૫૮

: પ્રકાશક :

**આર. આર. શેઠની કંપની**

મુંબઈ-૨ ○ અમદાવાદ-૧

મે ૧૯૬૫

: પ્રકાશક :
ભગતભાઈ ભુરાલાલ શેઠ
આર. આર. શેઠની કંપની
પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઈ-૨

: મુદ્રક :
જુગલદાસ ચંપકલાલ મહેતા
શ્રી પ્રવીણ પ્રિન્ટરી
સોનગઢ (સૌરાષ્ટ્ર)

* * *

બાલસાહિત્યમાળાનાં

૮૦ પુસ્તકો

*

દરેકની કિંમત પચાસ પૈસા

( આખા સેટનાં રૂ. ૪૦=૦૦ )

કુલ નકલ ૧૨,૯૧૫

| | | |
|---|---|---|
| પહેલી આવૃત્તિ | બીજી આવૃત્તિ | છઠ્ઠું મુદ્રણ |
| ચાર મુદ્રણો | ચાર મુદ્રણો | ૧૧૫૦ નકલો |
| કુલ ૪૯૬૫ | ૬૮૦૦ નકલો | તા. ૧-૫-૬૫ |

# ચીડિયાખાનું

સાંજ પડી હતી ને વાળુ કરીને કુટુંબ ફળિયામાં બેઠું હતું.

નાનાં રમુ ને કમુ વસંતરાયના ખોળામાં આળોટતાં હતાં.

લખી અને ચંપક આકાશ સામે જોઈ સપ્તર્ષિ અને હરણી નક્ષત્રો નિહાળતાં હતાં.

રમણ કંઈક વિચારતો હતો.

રાધા કાલ માટે શાક સુધારતી હતી.

રમણે એકાએક કહ્યું: "બાપુ! કેટલા યે દિવસથી આપણે બાગમાં ગયા નથી. મને પેલા વાંદરા અને સિંહ અને હાથી ને એવું એવું જોવાનું મન થયું છે."

લખી કહે: "બાપુ! કાલે જ ચાલો ને? કહે છે, હમણાં ત્યાં ગેંડો આવેલો છે.'

ચંપક કહે: "હેં ગેંડો? અરે, એનું ચિત્ર

તો જોયેલું છે. નાક ઉપર શિંગડું હોય છે, તે? વાહ! ચાલો ચાલો, કાલે જ જઈએ."

રમુ–કમુ કહે: "અમને તો વાંદરા જોવા બહુ ગમે છે. સિંહ ત્રાડ પાડે છે તે અમારા કાન ફૂટી જાય છે."

વસંતરાય કહે: "પણ તમે બાગમાં તો આવશો ને?"

રમુ–કમુ કહે: "બાગમાં તો આવવાનાં જ; પણ અમે સિંહ જોવા નહિ આવીએ. અમે બા સાથે વાંદરા જોવા જઈશું."

વસંતરાય કહે: "વારુ, ત્યારે આપણે આવતી કાલે બાગ જોવા જઈશું. જુઓ, પાંચ વાગે તમે બધાં તૈયાર થઈ રહેજો. હું કામ પરથી આવીને તમને બાગ ભણી લઈ જઈશ."

બીજે દિવસે બાગમાં જવાનું જાણી સૌ બાળકો ખુશી થયાં ને બાગના ને બાગના વિચાર કરતાં ઊંઘી ગયાં.

બીજે દિવસે સાંજે પાંચ વાગે બાગમાં જવાની તૈયારીઓ ચાલવા લાગી. રાધાએ કમુનું માથું ઓળી આપ્યું. લખીએ પોતાનું માથું ઓળી લીધું. રમુને ચંપકે ચોરણી ને પહેરણ

પહેરાવ્યાં ને ચંપક અને રમણ બૂટ પહેરી બાપુની વાટ જોતા બેઠા.

પાંચ વાગ્યા ને બાપુ આવ્યા. બધાં દોડીને સામે ગયાં ને તેમને વળગી પડ્યાં.

બાગમાં જવાની તૈયારી જોઈ વસંતરાયે ઝટપટ થોડો નાસ્તો કરી લીધો, ને ઘર વાસી રાધાબેન અને બાળકો બાગ તરફ ઊપડયાં;

જેમ જેમ બાગ નજીક આવવા માંડ્યો તેમ તેમ છોકરાં હરખાવા લાગ્યાં; કૂદી કૂદીને ચાલવા માંડ્યાં. એટલામાં તો બાગનો દરવાજો પણ આવ્યો ને સૌ અંદર ગયાં.

બાપુ કહે: "જુઓ, આજે આપણે એકલાં વાંદરાં જ જોઈએ તો કેમ? આપણે હવેથી દર અઠવાડિયે આવશું ને બાગના જુદા જુદા ભાગો જોઈશું"

બધાં કહે: "દર અઠવાડિયે આવવાનું હોય તો તો ભારે મજા! બધું નિરાંતે જોવાશે ને ફરવાની મજા પડશે!"

એટલામાં તો સૌ વાંદરાઓ પાસે આવી પહોંચ્યાં.

રમુ અને કમુ તો રાધાબેનની બે બાજુની

આંગળીએ વળગેલાં હતાં. રમણ, લખી અને ચંપક એકલાં એકલાં જ ચાલતાં હતાં.

વાંદરાઓ માટે નાનાં મોટાં પાંજરાંઓ રાખવામાં આવ્યાં હતાં.

મોઢા આગળ એક મોટા પાંજરામાં એક મોટો એવો વાંદરો હતો. તેના હાથ લાંબા હતા ને પગ નાના હતા; તેનું નાક ચપટું હતું અને હોઠ મોટા હતા; શરીરનાં રૂંવાડાંનો રંગ લાલ હતો.

છોકરાં આ વાંદરાને ધારી ધારીને જોતાં હતાં ત્યાં તો વાંદરો પાંજરામાં અધ્ધર ઝાડની ડાળીઓ જેમ ગોઠવેલા એક સળિયાથી બીજે ને બીજેથી ત્રીજે એમ ઠેકવા લાગ્યો. એવી તો ઝડપથી ઠેકતો હતો કે સૌને ખૂબ નવાઈ લાગી.

રમુ ને કમુ કહે: "બાપુ! આ વાંદરાને પૂંછડી કેમ નથી? વાંદરાઓને તો પૂંછડી હોય છે."

વસંતરાય કહે: "આ વાંદરો ઓરાંગ ઉટાંગની જાતિનો છે. એને લોકો વનમાણસ પણ કહે છે."

ચંપક કહે: "હં, ત્યારે! એ ચાલે છે પણ માણસની જેમ, ને ઊભો રહે છે ત્યારે તો જાણે વાળવાળા ડિલવાળો માણસ જ ઊભો

હોય એવું લાગે છે.”

રમણ કહે: “બાપુ! તમે એક દિવસ કંઈક કહેતા તો હતા કે માણસોના બાપદાદા વાંદરા હતા!”

લખી કહે: “આવા આપણા બાપદાદા હતા? ચેહ્!”

વસંતરાય કહે: “એ વાત તો લાંબી છે ને સાંભળવા જેવી છે; કાંઈ કાઢી નાખવા જેવી નથી હો, લખી! કોઈ વાર મારે તને કહેવી પડશે.”

રાધાએ ત્યાં લખેલા પાટિયા તરફ સૌનું ધ્યાન ખેંચ્યું. તેમાંથી વાંચ્યું :—

> વાનરની જાત :—ઓરાંગ ઉટાંગ.
> રહેઠાણ :—બોર્નિયા અને સુમાત્રા.
> ખોરાક :—પાન, ફળ અને ફૂલ.

બધાં એ પાંજરું છોડીને બીજા પાંજરા પાસે આવ્યાં.

ત્યાં કાળા મોઢાવાળા વાંદરા હતા. તેઓની પૂંછડી ખૂબ લાંબી હતી. તેઓના ડિલે ધોળા કાળા વાળ હતા.

લખી કહે: “આ વાંદરા તો આપણા

દેશના; ખરું ના?"

વસંતરાય કહે: "હા જ તો. ગુજરાતમાં આ જાતના વાંદરા થાય છે."

ચંપક કહે: "અરે, એ તો બાવળ પર ને બીજાં ઝાડ પર એવા તો રમે છે ને કૂદે છે! હું ગયે વર્ષે કાકાને ત્યાં અમદાવાદ ગયો ત્યારે ગાડીને રસ્તે કેટલા યે આવતા હતા. ભૂખ્યા ગાડી સાથે દોડતા હતા. અમદાવાદમાં તો એ છાપરે છાપરે રખડે, અને બારી ઉઘાડી રહી હોય તો ઘરમાંથી રોટલી કે બાંધેલો લોટ પણ લઈ જાય!"

રમુ કહે: "હેં બાપુ! એનું મોં કાળું કેમ હશે?"

લખી કહે: "એ તો હનુમાનના દીકરાઓ હશે. બાપુએ રામાયણની વાતમાં નો'તું કહ્યું કે એક વાંદરો હનુમાન હતો; એણે તો આખી લંકા બાળી નાખી ને પછી પોતે પણ થોડાક હાથ-મોંએ દાઝ્યો, એટલે એનાં હાથ-મોં કાળાં થયાં."

ચંપક કહે: "એ તો જાણે કે વાર્તામાં આવ્યું. બાકી ખરી રીતે એ કાળાં કેમ થયાં

હશે તે તો કોણ જાણે?"

વસંતરાય કહે: "એનું પણ કારણ તો જડશે જ."

બાગમાં કેટલાંએક બીજાં છોકરાં પણ વાંદરાં જોતાં હતાં. તેઓ તેમને ચીડવતાં હતાં:—

"હનુમાનજી હૂક, તારી દાઢીમાં થૂક.
હનુમાનજી હૂક, તારી દાઢીમાં થૂક!"

હનુમાનજી પણ ભારે હતા. ઊંચું નીચું જોઈ સામે ખીજાતા ને હૂકહૂક કરતા હતા.

રમુ અને કમુ પણ એને ખીજવવા લાગ્યાં. પણ ત્યાં તો વસંતરાય કહે: "અરે, પેલી શીંગો રહી જાય છે. વાંદરાભાઈને માટે જ આણી છે. રાધા ક્યાં ગયાં? તમારી પાસે છે કે? થોડીએક નાખો ને."

રાધાએ શીંગો કાઢી એટલે રમણ કહે: "અમે નાખીએ."

કમુ–રમુ કહે: "અમે નાખીએ."

સૌએ થોડી થોડી શીંગો નાખી.

વાંદરાભાઈ ઝટપટ શીંગો ફોલતા જાય ને મોંમાં મારતા જાય.

એક શીંગ થઈ રહે એટલે પટ લાંબો

હાથ કરે ને બીજી માગે.

ગમ્મત ચાલતી હતી ત્યાં તો બાપુ કહે: "કાં, હવે આગળ ચાલશું કે?"

સૌ બીજા પાંજરા પાસે ગયાં. એ પાંજરામાં એક વાંદરું લાંબા રાખેલ સળિયાને પૂંછડી વીંટાળી હાથપગ છૂટા મૂકી હીંચકા ખાતું હતું.

ચંપક કહે: "અરે, આ તો લખીની ગોઠણ!"

લખી કહે: "મારી શાની ગોઠણ? તારી હશે. વાંદરો!"

રમણ કહે: "તે તું જ એનાં જેમ હાથ મૂકી ઊંધે માથે લટકે છે ને!"

બાપુ કહે: "એ તો જાણે ઠીક. તમે બધાં ય છો તો સરખાં, પણ હવે આ વાંદરાને તો જુઓ!"

ત્યાં તો વાંદરાભાઈએ પૂંછડીથી ત્યાં પડેલી તરબૂચની ચીર પકડીને મોં આગળ લાવીને ખાધી.

રમુ–કમુએ શીંગો નાખી તો તે પણ પૂંછડીથી પકડી પાસે લીધી.

બાપુ કહે: "આને માકડસા વાંદર કહે છે.

એ અમેરિકામાં થાય છે. આવા વાંદરા ત્યાં જ થાય છે, અને સાહેબ લોકો એને પાળે છે. એમ તો એ તો બહુ રમતિયાળ હોય છે. એક સાહેબે બે બિલાડીનાં બચ્ચાંને માકડસાની સાથે પાળ્યાં હતાં."

વાતો ચાલતી હતી ત્યાં તો ચંપક બીજે પાંજરે જઈ પહોંચ્યો હતો. ત્યાં એક વાંદરું હતું—માત્ર આઠ દસ જ ઈંચનું. એનું મોઢું ઘુવડ જેવું, કાન પાતળા ને ગોળ, નાક નાનું ને સીધું, ને આંખો મોટી ગોળ હતી.

બધાં કહે: "હોય નહિ, આવું તે વાંદરું હોય? આ તો કંઈક બીજું છે."

ત્યાં તો વસંતરાય ને રાધા પણ આવ્યાં.

વસંતરાય કહે: "કહો જોઈએ, આ કઈ જાત?"

બધાં કહે: "એ વાંદરું જ ન હોય."

વસંતરાય કહે: "એ પણ વાંદરાની જ જાત છે. એનું લજ્જાવતી વાંદર એવું નામ છે. અંગ્રેજીમાં એને 'લોરીસ' કહે છે. આપણામાં કોઈ એને 'લાજુક' પણ કહે છે."

લખી કહે: "બાપુ! એનું નામ લજ્જા-

વતી શા માટે પાડ્યું હશે ?"

બાપુ કહે: "એવી એની ટેવ છે. જુઓ, અત્યારે એ કેવું છાનુંમાનું ઊંઘે છે? શરમાઈ જાય એમ આમ ટૂંટિયાં વાળીને ટીંગાયું છે, ખરું? એને જગાડશું તો યે જાગશે નહિ. પણ રાત પડશે ને કોઈ નહિ હોય ત્યારે પાંજરામાં ફરશે ને ખાશે પીશે. જંગલમાં પણ એ રાતે જ ખોરાક શોધવા નીકળે છે. રાતે જીવજંતુ સૂતા હોય એને ઉડાવે છે, નાનાં પક્ષી ને એનાં ઈંડાં પણ ખાય છે. બાકી પાન, ફળ, ફૂલ તો ખાય જ છે."

રમુ–કમુ કહે: "ઓત્ તારીની! જીવડાં પણ ખાય છે ને પક્ષીને પણ ખાય છે?"

રમણ કહે: "બાપુ! આ વાંદરું કયા દેશનું હશે?"

વસંતરાય કહે: "જોઈએ, શું લખેલું છે."

પાટિયું જોયું તો જણાયું કે એ પ્રાણી સિંહલદ્વીપ, આસામ, ત્રિપુરા, તેમ જ સુમાત્રા વગેરે સ્થળે થાય છે.

વખત ઘણો થઈ ગયો હતો.

વસંતરાય કહે: "ચાલો, આજ તો ઘેર જ જઈએ. આવતે અઠવાડિયે વાત."

બધા કહે : "ના બાપુ ! આવતે અઠવાડિયે નહિ, કાલે જ આવશું. હજી તો બીજું ઘણું યે જોવાનું છે. પેલા સિંહ, હાથી, મગર ને એ બધું તો બાકી છે. પેલો ગેંડો યે હજી નથી જોયો. રોજ રોજ જોઈશું ત્યારે માંડ કેટલા યે દિવસે પૂરો બાગ જોવાશે."

ચંપક કહે : "ત્યારે બાપુ ! એક વાર એમ કરો ને, સવારે આવવું તે ઠેઠ સાંજે પાછા જવું ? દિવસ આખો જોયા જ કરવું."

રાધા કહે : "હા, એ ઠીક છે. રવિવારે તારા બાપુને રજા હોય છે તે સવારે ખાવાનું લઈને આવશું, ને ઠેઠ સાંજ સુધી જોઈશું."

બધાં કહે : "તો બહુ મજા પડશે."

સૌ આનંદમાં ઘેર ગયાં ને ખાઈ પીને સૂઈ રહ્યાં.

શનિવારની રાત્રે બાળકો ઉત્સાહમાં હતાં. બધાં આવતી કાલની વાતો કરતાં કરતાં મોડી રાતે સૂતાં. છતાં સૌથી પહેલાં રસુ અને કુસુ ઊઠ્યાં, ને એમણે સૌને જગાડ્યાં, સૌએ ઝટ ઝટ દિશા દાતણ પરવારી લીધાં. કોઈને કહેવું યે ન પડ્યું કે ચાલો ઝટ દૂધ પી લ્યો. આજે

તો રસોડામાં વખત પહેલાં સૌ ભેગાં થયેલાં, ને બા અને બાપુ ઘર વાસી બહાર આવે તે પહેલાંનાં ક્યારનાં યે કપડાં પહેરી રમુથી માંડીને રમણ સુધીનાં સૌ છોકરાં ફળિયામાં થનગની રહ્યાં હતાં. હોંશમાં ને હોંશમાં તેઓ દોડતાં ચાલ્યાં ને ઘડીકમાં બાગમાં આવી પહોંચ્યાં.

સવારનો પહોર હતો. બાગમાં ઝાડો ને છોડો તાજાં તાજાં હતાં. હમણાં જ ઊઠેલાં પંખીઓ જ્યાં ત્યાં કિલકિલાટ કરી રહ્યાં હતાં. બાગના રસ્તાઓ અને લીલી ગોંદરી પાણીથી છંટાઈ રહી હતી. બે ત્રણ ઠેકાણે ફુવારા પણ ઊડી રહ્યા હતા.

બાપુએ કહ્યું: "અહીં આપણે ઉતારો કરીએ."

સૌએ એક વડના ઝાડ તળે ભાતના ડબા અને કળશા-પ્યાલા મૂક્યા.

એટલામાં તો રમણ અને ચંપા સિંહના પાંજરા તરફ જતાં દેખાયાં.

રમુ–કમુ કહે: "અમે ત્યાં નહિ આવીએ."

બાપુ કહે: "અરે, આવો તો ખરાં. એ તો પાંજરામાં પૂરેલા છે; કાંઈ બહાર આવીને

આપણને કરડી ન શકે."

રમુ–કમુ કહે: "બાપુ! અમને તમે પાસે રાખજો."

સૌ સિંહના પાંજરા પાસે આવ્યાં. પાંજરામાં એક સિંહ હતો ને બીજી સિંહણ હતી. સૌને જોઈ કેસરીસિંહ ઊભો થયો ને બરાડ્યો; સામેથી સિંહણ પણ ઘુરકી.

રમુ ને કમુ પહેલાં તો ચમકી ગયાં, પણ પછી તો નિરાંતે ઊભાં. એમને ખાતરી થઈ કે આવા મોટા સળિયા તોડીને સિંહ બહાર નહિ આવી શકે.

ચંપક કહે: "જો રમુ! આ કેશવાળીવાળો સિંહ ને કેશવાળી વિનાની સિંહણ. સિંહણને કેશવાળી ન હોય."

કમુ કહે: "હેં બાપુ! સિંહ શું ખાય?"

બાપુ કહે: "એ તો શિકારી પ્રાણી છે. હરણ, ગાય, ભેંશ, જે મળે તેને મારીને એ ખાઈ જાય."

કમુ કહે: "પણ બાપુ! અંદર પાંજરામાં બેઠો બેઠો શી રીતે શિકાર કરે?"

બાપુ કહે: "એ તો એને રોજ તૈયાર

ખોરાક મળે છે.”

ચંપક કહે: “સાચી વાત છે. ઘેટાં બકરાંઓને મારીને એને આપવામાં આવે છે.”

રાધા કહે: “સસ....કેવું ખરાબ!”

રમણ કહે: “છે ને આપણી યે રીત! સિંહને પકડીને પાંજરે નાખવો, શિકાર કરવા દેવો નહિ અને ઉપર જતાં ઘેટાં બકરાંનો ભોગ આપવો!”

બાપુ કહે: “પણ તે વિના પછી સિંહનાં દર્શન ક્યાંથી કરો?”

લખી કહે: “હેં બાપુ! જંગલમાં સિંહ ક્યાં રહેતો હશે?”

બાપુ કહે: “સિંહ ગુફામાં રહે. દિવસ આખો ઘોર્યા કરે; સાંજે શિકાર કરવા નીકળે!”

રમણ: “બાપુ! સિંહ ક્યાં થતા હશે?”

ચંપક કહે: “સિંહ આફ્રિકામાં થાય છે, નહિ? એવું કાંઈક વાંચ્યું તો હતું.”

બાપુ કહે: હા, ખરી વાત છે, આફ્રિકા એટલે સિંહોનું ઘર.”

રાધા કહે: “આપણા જૂનાગઢ પાસે ગિરનારનાં જંગલમાં પણ થાય છે. આપણા

ગિરનો સિંહ કાંઈ જેવો તેવો નથી થતો."

લખી કહે: "વાહ, ત્યારે તો આપણા કાઠિયાવાડમાં સિંહ પણ થાય છે!"

ચંપક કહે: "આ સિંહને સરકસમાં લાવે છે; તે સરકસવાળાને સિંહ ખાઈ ન જાય?"

બાપુ કહે: "એ તો નાનપણથી બચ્ચું પાળવું પડે છે. તેમ છતાં યે સિંહની જાત છે; વખતે જાત પર જાય તો ફાડી પણ ખાય!"

રમુ–કમુ કહે: "ઓય બાપરે! તો તો સરકસ જોવા ન જઈએ."

બધાં વાતો કરતાં કરતાં રીંછના પાંજરા પાસે આવ્યાં.

ભાઈશા'બ ખીર ખાતું હતું.

બાપુ કહે: "જુઓ, આ રહ્યા રીંછભાઈ. સાહેબને ખીર ભાવે, ફળ ભાવે ને મધુ બહુ ભાવે. ને ભાઈશા'બ જંગલમાં હોય તો ઝાડે ચડીને મધપૂડાની માખીઓ પૂંછડીથી ઉડાડે ને મધને ચૂસી જાય!

લખી કહે: "પણ માખીઓ કરડે નહિ?"

રાધા કહે: "આ એના આવા લાંબાં વાળમાં માખીઓ ક્યાં કરડે?"

રમુ–કમુ કહે: “એ જુઓ તો, આ તો આપણી જેમ ચાલે છે! વાહ કાંઈ દેખાય છે!”

ચંપકે કાંકરો માર્યો ને કહ્યું: “અરે નાચ કરો, મિયાંજી! નાચ કરો.”

બાપુ કહે: “એને ન ખીજવીએ. રીંછ આમ તો ભલું છે. પણ ખિજાય ત્યારે તો ભારે ખરાબ. માણસને ય માર્યા વિના ન રહે.”

રમણ કહે: “પણ આ તો પાંજરામાં પૂરેલું છે ને!”

રાધા કહે: “તે પૂરેલાને ખીજવે તેમાં શી નવાઈ? જા ને જંગલમાં, ને થાને સામે?”

રમણ કહે: “તે મારે એક વાર આફ્રિકાના જંગલમાં જવું છે, ને ત્યાં જઈ રીંછને પકડવું છે.”

બાપુ કહે: “પણ તારે રીંછ પાછળ જવું હોય તો હિમાલય જવું, અગર અમેરિકામાં જવું. આફ્રિકામાં તો સિંહો, જિરાફ અને ઝિબ્રા મળે.”

ત્યાં તો પાંજરામાંની ગુફામાંથી રીંછણ અને તેનાં બે બચ્ચાં આવ્યાં. બચ્ચાં રીંછણને ધાવતાં હતાં. રમુ–કમુને તે જોવાની બહુ મજા

પડી. બચ્ચાંને સૌએ મૂળા ને ગાજર નાખ્યાં; નાનકડાં બચ્ચાંએ કટકબટક કરતાં તે ઉડાવ્યાં.

પાસે જ શાહુડીનું પાંજરું હતું. કેટલાએક ગામડિયાઓ તે જોતા હતા. ગામડિયાઓ એને શેઢાડી કહેતા હતા. એક ગામડિયે લાકડીનો ઘોંકો માર્યો એટલે શાહુડી ખૂબ ખીજાઈ ને પીંછેપીંછાં ઊભાં કરી દીધાં. છૂટી હોત તો એને ખબર પડત! ડિલે આખે વીંધી નાખંત.

બાપુ કહે: "જુઓ આ શાહુડી. એનાં પીછાં છે ને, એને અણી બહુ હોય છે. શાહુડી એનાથી પોતાનું રક્ષણ કરે છે."

રાધા કહે: "પરમેશ્વરે કેવા રૂપાળાં પીછાં આપ્યાં છે! એનું મોં ભૂંડું ભૂખ છે, પણ પીંછાં છે કાંઈ!"

રમણ—ચંપક કહે: "બાપુ! ચાલો ને; આમાં કાંઈ જોવાનું નથી. ચાલો ને, પણે ગેંડો છે તે જોવા જઈએ!"

સૌ ગેંડા પાસે ગયાં. એક મોટા પાડા જેવો ગેંડો ઊભો હતો. ઘણા લોકો જોવાને એકઠા મળ્યા હતા. ગેંડો આમતેમ આંટા મારતો હતો ને ઘાસ ને પાંદડાં ખાતો હતો.

રમુ અને કમુ કહે: "બાપુ! આ એના નાક પર શું છે?"

રમણ કહે: "એ એનું શિંગડું; એ એનું હથિયાર. કોઈ મારવા આવે તો આમ કરીને માથું મારે તે શિંગડેથી વીંધાઈ જાય."

ચંપક કહે: "ઓત્ તારીની!"

બાપુ કહે: "આ ગેંડાને એક શિંગડું છે; બાકી આફ્રિકાના ગેંડાના નાક પર બે શિંગડાં હોય છે. ગેંડાને શિંગડાં બન્ને કામમાં આવે: દુશ્મનને મારવામાં ને કંદમૂળ ભોંયમાંથી ખોદવામાં."

વાત ચાલે છે ત્યાં તો લખી ગેંડાના પાંજરા ઉપર લટકાવેલ પાટિયું વાંચવા લાગી. સૌ ત્યાં ગયાં ને લખીએ વાંચી સંભળાવ્યું:

> આપણા દેશમાં આસામ અને સુંદરવનમાં ઘણા ગેંડાઓ જોવામાં આવે છે. હિન્દુસ્તાનના ગેંડાને એક શિંગડું હોય છે; આફ્રિકાના ગેંડાને બે હોય છે. ગેંડાનું ચામડું ખૂબ કઠણ અને મજબૂત હોય છે. લોકો તેના ચામડાની ઢાલ કરે છે. તે ઢાલ એવી તો કઠણ હોય છે કે તલવારના ઘાથી પણ તે

કપાતી નથી. ગેંડાના ચામડાની વતી સોટીઓ પણ થાય છે. તે સોટીઓ ચળકતી ને રૂપાળી બને છે; તે મારવાથી બીજાને બહુ વાગે છે; ગેંડાનું શરીર મોટું છે છતાં તે ખૂબ દોડી શકે છે. ગેંડા ખિજાળ નથી; પણ ખિજાય તો હેરાન કરી દે છે. તેનો ખોરાક ઘાસ, ઝાડ, પાન, વેલ અને કાંટાવાળાં ઝાડ હોય છે.

રમુ-કમુ કહે: "બાપુજી! ચાલો હવે ઉતારે જઈએ. હવે તો ભૂખ લાગી છે."

તડકો ઠીક ઠીક થયો હતો. બધાં વડ નીચે ગયાં, ભાતું કાઢ્યું અને સૌએ ધરાઈ ધરાઈને ખાધું.

બા અને બાપુ બે શેતરંજી નાખી જરા આડે પડખે પડ્યાં. પણ છોકરાંને વળી આરામ શા? એ તો કહે: "ચાલો, પાછાં જોવા જઈએ."

પણ બાપુએ બે વાગે જવાનું કહ્યું એટલે એ તો બીજે ઊપડ્યાં. વડ ઉપર વાંદરાં જેમ ચડ્યાં ને વાંદરાં જેમ હૂકહૂક ને હોકારા કરી મૂક્યા. વડની વડવાઈઓએ ચંપક અને રમણ તો હીંચકા ખાતા હતા. વખત થયો ને સૌ બાગ

જોવા ચાલ્યાં. હજી તો ઘણું યે બાકી હતું.

બધાં હાથી પાસે આવ્યાં. એવડો મોટો હાથી! રમુ અને કમુ તો જોઈને કહે: "ઓ બાપ રે! આ તો મોટો ડુંગરો!"

છોકરાં હાથીને નિહાળી નિહાળીને જોવા લાગ્યાં. રમુ કહે: "એના પગ તો થાંભલા જેવા છે. જાણે કોતરીને મોટો થાંભલો કર્યો!"

કમુ બોલી ઊઠી: "હા. ત્યારે તો હાથી ચાલે એટલે પાતાળમાંથી પાણી નીકળે—

હાથી ધમધમ ચાલે, પાતાળપાણી કાઢે;
પાતાળપાણી ઊંડાં, હાથીને પગે કુંડા."

લખી વચ્ચેથી બોલી: "અરે, કાન તો જુઓ! પંખા જેમ આમ આમ ફફડ્યા જ કરે છે. બાપુ! હાથી એમ કાન શું કામ હલાવતો હશે? મચ્છર ન પેસે એટલે?"

બાપુ કહે: "હવે ખબર નથી. એ તો એમ હલાવ્યા જ કરે છે, એવી જ એની ટેવ."

હાથી ઘાસના એકેક બબ્બે પૂળા સૂંઢથી લઈને મોંમાં મૂકતો હતો. હાથી ખાતો હતો.

રમણ કહે: "કેવડા મોટા કોળિયા!"

બા કહે: "તે, એ તો હાથી છે."

લખી કહે: "આ એનો હાથ મજાનો છે. આ....ને સરસ મજાનો વાળીને ઘાસ પકડે છે. ને જરા યે પડવા દેતો નથી."

ત્યાં તો માવત પાણી પાવા આવ્યો.

રસુ કહે: "હવે હાથી પાણી શી રીતે પીશે?"

ત્યાં તો માવતે મોટી જબરી બાલદી મૂકી ને હાથીએ સૂંઢથી બધું પાણી ખેંચ્યું. સૂ........ કરીને બધું પાણી અંદર ચડાવી ગયો. પછી? પછી બધું પાણી મોઢામાં ઠલવી દીધું.

એટલામાં કસુએ બૂમ પાડી કહ્યું: "બા, બા! હાથીની આંખો તો જુઓ, કેટલી બધી નાની છે? સાવ ઝીણી ઝીણી! આવડો મોટો હાથી ને એની આવડી નાની આંખો?"

નાનાં બાળકો તો હાથીને જોવામાં મશગૂલ થઈ ગયાં. એ તો ત્યાં જ બેઠાં.

હાથી પણ ઊભો ઊભો ઝૂલતો હતો. સૂંઢથી ઘડીમાં ઘાસ લઈને વાંસા ઉપર નાખતો હતો; વખતે ધૂળ લઈને પણ ઉડાડતો હતો; ને કોઈ કોઈ વાર તો ત્ર્ ત્ર્ એવી ચીસો પાડતો હતો.

ત્યાં તો રતુનું દાંત તરફ ધ્યાન ગયું. તે કહે: "બા! આ લાંબાં લાંબાં શું છે?"

બા કહે: "એ તો એનાં દાંત છે; એને દંતૂશળ કહેવાય છે."

"પણ એનાથી એ ખાતો તો નથી?"

"એ એના ખાવાના દાંત નથી. ખાવાના દાંત મોઢામાં બીજા હોય છે. આ તો પેલા દાંત જેની ચૂડી થાય છે, ને આપણે ત્યાં ડાબલી છે એવી ડાબલીઓ ને એવું એવું થાય છે, તે."

રમણ ને ચંપક તો હાથીની ટેવો વગેરે વાંચવામાં પડ્યા હતા. પાંજરા ઉપરના એક મોટા પાટિયામાંથી તેઓ વાંચતા હતા:—

> હાથીઓ ભારતવર્ષમાં બંગાળ, આસામ, ઓરિસ્સા અને મદ્રાસના પ્રદેશોમાં પહાડ ને જંગલમાં થાય છે. તેઓ મોટાં મોટાં ટોળામાં રહે છે. દિવસે તેઓ નદીકાંઠે કે તળાવકાંઠે પડી રહે છે. રાત્રે તેઓ ખાવાનું શોધવા નીકળી પડે છે.

ચંપક રમણને કહે: "આવડો મોટો પહાડ જેવો ડૂબી નહિ જતો હોય?"

"એ તરતો હોય ત્યારે જોવું જોઈએ."

તેઓએ આગળ વાંચ્યું :—

> હાથીને બહુ સરસ તરતાં આવડે છે.
> હાથી પહાડો ઉપર પણ, જ્યાં ઘોડાઓ
> પણ ન ચઢી શકે ત્યાં ચઢી શકે છે.

બાપુએ કહ્યું : "ચાલો, હવે બીજે જઈએ. એક કલાક તો અહીં જ કાઢ્યો."

તેઓ કાંગારુના પાંજરા ભણી ચાલ્યાં.

રસ્તામાં લખીએ બાપુને પૂછ્યું : "બાપુ ! આ હાથી શા કામનો હશે ?"

બાપુ કહે : "હાથીને પાળી શકાય છે. હાથીમાં બહુ બુદ્ધિ હોય છે. પાળ્યા પછી તેઓ જે બતાવીએ તે કામ કરે છે. હાથી જંગલમાં લાકડાં ગોઠવે છે. સવારીના કામમાં પણ આવે છે. અસલ તો રાજાઓ હાથી પર બેસીને લડતા. સરકસમાં હાથીઓ પાસે ઘણી ઘણી રમતો કરાવવામાં આવે છે."

ચંપક કહે : "હા હો; આપણે એક વાર હાથીને સરકસમાં કામ કરતાં જોયો હતો."

રમુ–કમુ કહે : "બાપુ ! અમને સરકસમાં નહિ લઈ જાઓ ?"

સૌ કાંગારુના પાંજરા પાસે આવ્યાં.

પાંજરા પર મોટા અક્ષરે લખ્યું હતું :—

ઓસ્ટ્રેલિયાનું વતની

બાપુએ કહ્યું : " આમાં કાંગારુ છે. આ પ્રાણી આપણે ત્યાં ક્યાંઈ નથી થતું. માત્ર ઓસ્ટ્રેલિયામાં જ થાય છે. "

બધાં કાંગારુ જોવા ઊભાં રહ્યાં.

બા કહે : " હું તો થાકી ગઈ છું એટલે પણે પીંપળાને છાંયે બેઠી છું. તમે સૌ જુઓ. "

કાંગારુ પાંજરામાં બેઠું બેઠું ઘાસ ખાતું હતું. તેનાં બચ્ચાં તેની આસપાસ રમતાં હતાં.

એટલામાં કાંગારુની છાતી પાસેથી એક બચ્ચું કૂદી પડ્યું. બધાંને નવાઈ લાગી કે આ ક્યાંથી આવ્યું ?

બાપુએ સમજાવ્યું : " કાંગારુની છાતીએ એક કોથળી હોય છે; જુઓ પેલી દેખાય છે તે. બચ્ચાં જન્મ્યાં પછી મોટાં થાય ત્યાં સુધી એમાં રહે છે. એમાં જ તે ધાવે ને બધો વખત રહે છે. પછી જ્યારે મોટાં થાય છે ત્યારે બહાર આવે છે. મા જ્યાં જાય ત્યાં બચ્ચું સાથે જ

જાય છે. ”

ત્યાં તો કોથળીમાંથી બીજા બચ્ચાએ ડોકું કાઢ્યું. બધાં તેની સામે જોઈ રહ્યાં ! નાનકડું એવું એનું મોં હતું.

ચંપકે પૂછ્યું : “ કાંગારુ કેવું પ્રાણી ગણાય ? માંસાહારી કે વનસ્પતિ આહારી ? ”

બાપુએ કહ્યું : “ કાંગારુ સાધારણ રીતે ઘાસ ખાય છે; કોઈ કોઈ વાર ખેતરોમાં જઈ ને અનાજ ખાય છે; તે માંસાહારી નથી. પણ કાંગારુ લડવામાં ઘણું જબ્બર હોય છે. વીશ–પચીશ કૂતરા પાછળ પડે તોપણ તેને હરાવી દે છે. ઝાડના થડની પાછળ પોતે સંતાય છે ને કૂતરું નજીક આવે કે પાછલા પગની લાત મારે છે. તેનો પાછલો પગ ઘણો જોરાવર હોય છે. લાત ખાઈ કૂતરું દૂર જઈ પડે છે. બીજું નજીક આવતાં તેના પણ તેવા જ હાલ થાય છે. એમ બધાં કૂતરાંને હઠાવી દે છે. ”

વાત ચાલતી હતી એટલામાં તો કાંગારુ પાછલા બે પગ અને પૂંછડી પર બેઠું: માણસ કે ખિસકોલી બેસે છે તેમ બેઠું, ને મોં આમ આમ કરી સૌની સામે જોઈ રહ્યું. છોકરાંએ

કહ્યું : “ શું જુઓ છો, કાંગાભાઈ ? ”

બાએ પીંપળા પાસેથી કહ્યું : “ એ હવે ચાલો; સાંજ પડવા આવી. ”

છોકરાં કહે : “ બાપુ ! એક વાર હવે મગર જોઈને પછી જઈએ. ”

સૌ મગર પાસે ગયાં. મગરને એક ગોળ પહોળા કુવા જેવા ખાડામાં રાખી હતી. કવા ફરતી જાળી બાંધી લીધી હતી. સૌ જાળાએ અઢેલીને મગર જોવા ઊભાં.

મગર પાણીમાં હતી.

રમુ–કમુ કહે : “ મગર તો નથી ! ”

બાપુ કહે : “ હમણાં દેખાશે; ઊંડે ગઈ છે. ”

સૌ નજર રાખીને જોઈ રહ્યાં. ત્યાં તો મગરે શ્વાસ લેવા મોં ઊંચું કર્યું ને દેખાઈ.

બધાં કહે : “ મગર ! મગર ! ”

મગર ઉપર આવી ને પાણીમાં આંટા મારવા લાગી. મોટું લાંબું એવું પૂંછડું વાંસે વાંસે ચાલ્યું જતું હતું.

ચંપક કહે : “ મગર જરા યે ગમે એવી નથી. જરા યે રૂપાળી નથી. ”

રમણ કહે : “ તે એ તો જેવી થઈ હોય

એવી હોય. એ વળી એવી છે.”

લખી કહે: “મને તો સુંદર લાગે છે. કેવી મજાની પૂંછડી છે? ને એની પીઠ પર ભીંગડાંની ભાત તો જુઓ? કેટલું બધું ઝીણું ઝીણું જાણે ચિતરામણ છે!”

ચંપક કહે: “છે આ લખડી યે તે! મગરને સુંદર કહે છે.”

ત્યાં તો મગર ડૂબકી મારીને અંદર ગઈ.

સાંજ પડવા આવી હતી. મગરને ખોરાક આપવાનો વખત થયો હતો. એક માણસ ડબામાં રાતું રાતું લઈને આવ્યો ને મગરને નાખ્યું મગર ગળચ કરીને ગળી ગઈ.

રમુ–કમુ કહે: “મગરને ખાવાનું શું આપ્યું, બાપુ?”

બાપુ કહે: “એ તો એને માંસ આપ્યું.”

રમણ કહે: “તે મગર તો માછલાં ખાય.”

બાપ કહે: “પણ અહીં કાંઈ શિકાર કરવા એ થોડીક છૂટી છે? ને આ ખાડામાં એટલાં માછલાં યે ક્યાંથી હશે?”

ચંપક કહે: “ત્યારે તો જનાવર મારીને માંસ આપતા હશે.”

બાપુ કહે : " હા. સિંહ, મગર, સૌને પાળ્યાં છે તે એને એનો ખોરાક આપવો જ પડે. "

લખી કહે : " એ તો બાપુ નહિ સારું. જનાવરોને મારીને આને જિવાડવાં ? "

રમણ કહે : " પણ જંગલમાં યે એ લોકો તો શિકાર કરવાનાં જ. "

લખી કહે : " પણ તો યે આપણે શું કામ મારવાં ને ખવરાવવું ? "

ચંપક કહે : " તો તો આવાં પ્રાણીઓને અહીં પૂરવાં જ ન જોઈએ. "

બાપુ કહે : " તો જોવા ક્યાંથી આવવાનાં હતાં ? '

લખી કહે : " તો કંઈ નહિ....એટલું જોયું ઓછું. એને છોડી મૂકવાં જોઈએ."

રમુ–કમુ કહે : " ના બાપુ ! એને છોડાવશો નહિ. એ અમારે ફરી વાર જોવાં છે. "

એટલામાં તો મગરને બે ચાર વાર ખાવાનું અપાયું ને મગર ગળી ગઈ.

સાંજ પડી ગઈ હતી; સૌ થાક્યાં પણ હતાં.

બાપુએ ગાડી બોલાવી ને સૌને બેસાર્યાં. ભાતાના ડબા પણ મૂકી દીધાં.

બધાં કહે : "બાપુ! હજી તો આપણે કાંઈયે ન જોયું. હજી તો કબૂતર, ને પોપટ, ને ચકલાં, ને હરણ, ને એવું એવું ઘણું જોવાનું બાકી છે."

બાપુ કહે : "વળી કોઈ વાર આવશું."

## બાળકો માટેની વૈજ્ઞાનિક ગ્રંથાવલિ

# ૦ જ્ઞાન-વિજ્ઞાન ગ્રંથાવલિ ૦

લેખક : શ્રી ગિરીશ ગણાત્રા ☆ શ્રેણીની બાર પુસ્તિકાઓ

☆

પૃથ્વીની ઉત્પત્તિથી માંડી ધરતી પર માનવીનું આગમન અને ઉત્ક્રાંતિ દ્વારા માનવીએ સાધેલા વૈજ્ઞાનિક વિકાસનાં અનેકવિધ પાસાંઓને આવરી લેતી બાળકો માટે ખાસ અભ્યાસપૂર્વક લખાયેલી વૈજ્ઞાનિક કથાઓ.

☆

વૈજ્ઞાનિક માહિતીથી ભરપૂર પુસ્તિકાઓનો આ સચિત્ર સેટ મેળવવા માટે તુરત સંપર્ક સાધો.

ધરતીની કહાણી
ચાંદામામા
પૃથ્વીના પાડોશીઓ-૧
પૃથ્વીના પાડોશીઓ-૨
આદિ જીવસૃષ્ટિ
સૌથી પહેલા દાદાજી
વિકાસની વણઝાર
સાગરરાજ
સંસ્કૃતિના સોપાને
પ્રગતિનાં ચક્રો-૧
પ્રગતિનાં ચક્રો-૨
ભવિષ્યના ભણકારા

☆

[સેટનું મૂલ્ય રૂ. ૭-૫૦]

૦ પ્રકાશક ૦

### આર. આર. શેઠની કંપની : મુંબઈ-૨

બ્રાન્ચ : ગાંધીરોડ; ફુવારા સામે; અમદાવાદ-૧